ફોન :- ૨૨૦૨૨૮ / ૨૩૦૦૬૮
Mo : ૯૬૨૪૬૩૦૦૬૬
૯૬૨૪૬૩૦૦૯૯
web : www.dpthakker.com
Email : dptco123@gmail.com

ડી. પી. ઠક્કર એન્ડ કું.
ડી. પી. ઠક્કર એન્ડ બ્રધર્સ
ટેક્ષ એડવોકેટસ
'શ્રીકુંજ', સ્ટેશન રોડ, પાટણ

તારીખ : ૨૬-૦૨-૨૦૨૬

# MSME CIRCULAR

ભાઈશ્રી,

ચાલુ નાણાકીય વર્ષ F.Y. ૨૦૨૫-૨૬ પૂરું થવામાં છે. ત્યારે ઈન્કમટેક્ષ કાયદાની MSME કાયદા હેઠળ નોંધાયેલા વેપારીઓ માટેની સ્પેશીયલ જોગવાઈની માહીતી આ સરક્યુલર માં નીચે આપેલ છે.

(૧) MSME એટલે કે માઈક્રો, સ્મોલ & મીડીયમ એન્ટરપ્રાઈઝીસ ડેવલોપમેન્ટ એક્ટ હેઠળ રજિસ્ટર્ડ થયેલાં Micro (૧૦ કરોડ સુધીનું ટર્નઓવર) તથા Small (૧૦૦ કરોડ સુધીનું ટર્નઓવર) કેટેગરીમાં આવતાં વેપારીઓને તેમની પાસેથી ખરીદેલાં માલ કે સર્વિસ ના પેમેન્ટ અંગે નો આ કાયદો છે.

(૨) આ કાયદો MSMED એક્ટ હેઠળ નોંધાયેલ વેપારી કે જેઓ મેન્યુફેક્ચરીંગ એક્ટિવિટી કરે છે કે કોઈ સર્વીસ પ્રોવાઈડ કરે છે તેવા વેપારીઓ નું પેમેન્ટ કરવામાં લાગુ પડે છે. એટલે કે ફક્ત ટ્રેડીંગ કરતાં વેપારીઓ જેઓ MSMED ACT હેઠળ નોંધાયેલા છે. તેવા વેપારીઓ ને તેમની પાસેથી ખરીદેલા માલનું પેમેન્ટ કરવામાં આ કાયદો લાગુ પડતો નથી.

(૩) જીરૂ, વરીયાળી, તલ વીગેરે મસાલા આઈટમો ને ક્લીનીંગ કરી કે સોર્ટેક્ષ કરીને વેચવામાં આવે તે MSMED ACT હેઠળ મેન્યુફેક્ચર ગણાતું નથી. એટલે આવી પ્રવૃતી કરતાં વેપારીઓ પણ ટ્રેડીંગ જ કરે છે તેમ ગણાય અને તેમની પાસેથી ખરીદેલાં માલનું પેમેન્ટ કરવામાં આ કાયદો લાગુ પડતો નથી.

(૪) આ કાયદાની જોગવાઈ મુજબ મેન્યુફેક્ચરર તથા સર્વીસ આપતા વેપારીઓ કે પ્રોફેશનલ, કન્સલટન્ટો જેઓ આ કાયદા હેઠળ નોંધાયેલા છે. તેમની પાસેથી કરેલી ખરીદી કે મેળવેલ સર્વીસ નું પેમેન્ટ ખરીદ

\\2\\

D. P. THAKKER & CO.

તારીખ થી ૧૫ દીવસ માં કરવું ફરજીયાત છે. અને જો લેખીત એગ્રીમેન્ટ કરીને આવું પેમેન્ટ ૪૫ દીવસ માં આપવાનું નક્કી કરેલ હોય તો ૪૫ દીવસ માં પેમેન્ટ આપવું પડે. જો પેમેન્ટ આ સમય મર્યાદા માં આપવામાં ન આવે તો તેના ઉપર વ્યાજ ચુકવવું પડે. (સામેની પાર્ટી માંગે તો)

(૫) આવી પાર્ટી પાસેથી કરેલ ખરીદી કે મેળવેલ સર્વીસ નું પેમેન્ટ તા. ૩૧-૦૩-૨૦૨૬ સુધી માં કરવામાં ન આવે અને ૪૫ દીવસ નો સમય પૂરો થઇ ગયેલ હોય તો આવી પાર્ટીના પેમેન્ટની રકમ જે સરવૈયામાં બાકી બોલતી હોય તે ચાલુ વર્ષ F.Y. ૨૦૨૫-૨૬ ની આવક તરીકે ગણાશે. અને પછીના વર્ષમાં જયારે પેમેન્ટ આપો તે વર્ષમાં તે ખર્ચ તરીકે બાદ મળશે.

(૬) આવી પાર્ટી પાસેથી માર્ચ એન્ડીંગમાં કરેલ ખરીદી કે મેળવેલ સર્વીસનું પેમેન્ટ તારીખ. ૩૧-૦૩-૨૦૨૬ નાં રોજ બાકી હોય અને પેમેન્ટ ખરીદ તારીખ થી ૧૫ દીવસમાં કે લેખીત એગ્રીમેન્ટ હોય તો ૪૫ દીવસમાં કરી દેવામાં આવે તો તે રકમ F.Y. ૨૦૨૫-૨૬ ની આવકમાં ઉમેરાશે નહીં.

(૭) કોન્ટ્રકટનો ધંધો કરતા વેપારીઓએ આ કાયદા હેઠળ નોધાયેલા સબ કોન્ટ્રાક્ટર કે લેબર કોન્ટ્રાક્ટર પાસેથી માલ કે સર્વીસ મેળવીને બીલ લીધેલ હોય તેનું પેમેન્ટ તા. ૩૧-૦૩-૨૦૨૬ ના રોજ ૪૫ દીવસ થઇ ગયા હોય અને જો પેમેન્ટ બાકી ખેંચાતું હોય તો આવા બાકી પેમેન્ટની રકમ F.Y. ૨૦૨૫-૨૬ ની આવક ગણાશે. તેવી જ રીતે જો માર્ચ એન્ડીંગમાં સર્વીસ લીધાનું બીલ આવેલ હોય જેના પેમેન્ટનો ૧૫ દીવસ કે ૪૫ દીવસનો ટાઈમ પીરીયડ તા. ૩૧-૦૩-૨૦૨૬ પછી પુરો થતો હોય તો તે સમયમાં તેનું પેમેન્ટ કરી દેવું પડે જો લેટ પેમેન્ટ કરવામાં આવે તો ચાલુ વર્ષની આવકમાં ગણાઈ જાય.

કુશળ હશો.

લી.

ધીરુભાઈ – કનુભાઈ - પિયુષભાઈ – નિખિલભાઈ

D. P. THAKKER & CO.